# સાલ હોસ્પિટલમાં 'હાઇપર બેરિક ઓક્સિજન થેરાપી સેન્ટર' શરૂ કરાશે

અમેરિકાની 'ઇનોવેટિવ હીલિંગ સિસ્ટમ' દ્વારા સાલ હોસ્પિટલમાં 'હાઈપર બેરિક ઓક્સિજન થેરાપી સેન્ટર' શરૂ કરાશે. રૂ. પાંચ કરોડને ખર્ચે તૈયાર થનારા આ 'એડવાન્સ વાઉન્ડ કેર ઇન્સ્ટિટ્યૂટ'માં ડાયાબિટીસના દર્દી કે જેમને પગ કપાવવાની સ્થિતિ હોય, રેડિએશન લેતા કેન્સરના દર્દી તેમજ જેમનો ઘા ઝડપથી ભરાતો ન હોય તેવા દર્દીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. 'ઇનોવેટિવ હીલિંગ સિસ્ટમ'ના પ્રેસિડેન્ટ ડો. રવિ પટેલે જણાવ્યુ હતું કે, કોઈ પણ પ્રકારના રુઝાતા ન હોય તેવા ઘામાં આ થેરાપીથી ૯૦ ટકા વધુ લાભ થાય છે. સારવાર માટે દર્દીને ખાસ બનાવેલા 'હાઈપર બેરિક ઓક્સિજન ચેમ્બર'માં બેસાડીને ચેમ્બરમાં હવાનું દબાણ વધારવામાં આવે છે. દર્દી જ્યારે ટ્રીટમેન્ટ લેવલે પહોંચે ત્યારે તેને માસ્ક દ્વારા 'પ્યોર ઓક્સિજન' અપાય છે, જેને લીધે દર્દીના લોહીના પ્લાઝમામાં ઓક્સિજન ઝડપથી ભળે છે અને દર્દીને ૧૫ ગણો વધુ ઓક્સિજન મળે છે. આ થેરાપી દર્દીને દિવસમાં એક જ વખત બે કલાક માટે આપવામાં આવે છે. ભારતમાં પ્રથમવાર સાલ હોસ્પિટલમાં શરૂ થનારા આ સેન્ટરમાં બે ચેમ્બર મુકાશે, જેમાં દર્દીના રોગ પ્રમાણે તેને અલગ અલગ ચેમ્બરમાં સારવાર અપાશે. સેન્ટર આગામી માર્ચ-'૧૧ સુધીમાં કાર્યરત્ થશે.